# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-07-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# STATE RAIN -1

રાજ્યભરમાં આજે સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. બપોરે 12 વાગ્યા સુધીમાં  રાજ્યના 167 જેટલા તાલુકાઓમાં હળવોથી અતિભારે વરસાદ થયાના અહેવાલ છે. જેમાં સૌથી વધુ સવા 12 ઈંચ વરસાદ આણંદના બોરસદમાં થયો છે. દક્ષિણ ગુજરાતના ભરૂચ અને નર્મદા જિલ્લામાં આજે વ્યાપક વરસાદ નોંધાયો છે. નર્મદાના તિલકવાડા અને નાંદોદ પંથકમાં જ્યારે ભરૂચ જિલ્લાના ભરૂચ, ઝઘડિયા, હાંસોટ, અંકલેશ્વર પંથકોમાં ચાર ઇંચથી વધારે વરસાદ થયો છે.  ભારે વરસાદને પગલે દક્ષિણ ગુજરાતના નર્મદા, ભરૂચ, સુરત, તાપી, નવસારી,  જિલ્લાઓમાં શાળા-કોલેજો અને ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ બંધ રખાઇ છે. જ્યારે ઑનલાઈન શૈક્ષણિક કાર્ય યથાવત્ રાખવામાં આવ્યું છે.

દરમિયાન ભારે વરસાદને પગલે ભરૂચ જિલ્લામાં નેંત્રગ , જગડિયા સહિત 12 જેટલા ગામો સંપર્ક વિહોણા થયા હતા, જ્યારે દસથી વધુ રસ્તાઓ બંધ કરાયા હતા. પાટાઓમાં પાણી ભરાતાં ભરૂચથી પસાર થતી કેટલીક ટ્રેનો રોકી દેવામાં આવી હતી,.  જ્યારે ભરૂચ-સુરત મેમો ટ્રેન રદ્દ કરવામાં આવી છે.

નર્મદા જિલ્લાના સાગબારા, તિલકવાડા અને નાંદોદમાં જળબંબાકારની સ્થિતિ ઉભી થઇ છે.  રાજપીપળાના સ્ટેશન રોડ, દરબાર રોડ, કાછીયાવાડ વિસ્તાર, સેલંબા અને ભાદોડ ગામમાં પાણી ભરાઈ જતાં રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. ઉપરાંત રાજપીપળા M.R. આર્ટ્સ એન્ડ સાઈન્સ કૉલેજમાં ચાલી રહેલી પૂરક પરીક્ષાઓ પણ મોકૂફ રાખવામાં આવી છે. આ પરીક્ષાનો નવો કાર્યક્રમ આગામી સમયમાં જાહેર કરાશે.

સુરતમાં અનેક વિસ્તારમાં પાણી ભરાતા અગ્નિશામક દળ દ્વારા બચાવકાર્ય કરી લોકોનું સ્થળાંતર કરવામાં આવી રહ્યું છે. તેમ જ બારડોલી કડોદ સ્ટેટ હાઈ-વે પર પાણી ભરાઈ જતાં વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. સુરતના પલસાણાના બલેશ્વર ખાતે રાજહંસ ટેક્સપા ઇન્ડ્રસ્ટ્રીયલ એસ્ટેટમાં પાણી ભરાતાં મીલમાં કામ કરતા 250 થી વધુ કામદારોને રેસક્યુ કરાયા હતા. ..2..

# STATE RAIN - 2

સોનગઢ તાલુકામાં આવેલો ડોશવડા ડેમ સંપૂર્ણ ભરાઈ જતાં નીચાણવાળા 15થી વધુ ગામને અલર્ટ કરાયા છે. વ્યારાના કાનપુરા નજીક જતા રસ્તા પાસે આવેલા મંદિરના પટાંગણમાં પાણી ફરી વળતાં નદીકાંઠાના લોકોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે. સોનગઢ તાલુકાના મોટાબંધરપાડા ગામમાં એક યુવક મહાકાય વૃક્ષ નીચે દટાઈ ગયા હતા, પરંતુ ગ્રામજનોએ યુવકને બહાર કાઢી સારવારઅર્થે ખસેડ્યા હતા. વાલોડ તાલુકાના શાહપોરથી ખાંભલા થઈ બારડોલી હાઈ-વે પર નીકળતા રોડ પર પાણી ફરી વળ્યા છે.

પલસાણા તાલુકાના બલેશ્વર ખાતે ખાનગી ઔદ્યોગિક એસ્ટેટમાં પૂરના પાણી આવતાં બારડોલી અગ્નિશામક દળે 250થી વધુ શ્રમિકોને બચાવી લીધા છે. જિલ્લામાં માંગરોળ તાલુકાના વાંકલ ગામમાં SDRFની ટુકડીએ વરસાદના કારણે ફસાયેલા 21 લોકોને બચાવી લીધા હતા.

ભરૂચમાં બલદેવા ડેમ 100 ટકા ભરાતા નેત્રંગના બલદેવા, કંબોડિયા, પાંચસીમ, બોરખાડી, ઝરણા અને ચાસવડ, જ્યારે વાલિયાના દોલતપર, ડહેલી, દેશાડ, શીર, કેસરગામ, સિંગલા અને પીઠોર ગામને સાવચેત રહેવા

સૂચના અપાઈ છે. જિલ્લામાં વરસાદના કારણે વિવિધ ગામને જોડતા 11 રસ્તા બંધ થતા વાહનવ્યવહારને અસર થઈ છે. અંકલેશ્વર સુરતને જોડયો સ્ટેટ હાઈ-વે ફરી શરૂ થઈ ગયો છે.

દ્વારકા જિલ્લાના ખંભાળિયા મેઈનબજાર વિસ્તારમાં ગગવાનની ફળીમાં એક મકાન ધરાશાયી થતાં ત્રણ લોકોના મોત નીપજ્યા છે. જ્યારે ભાણવડ પંથકમાં વરતુ - 2 ડેમ ઑવરફ્લૉ થતાં તેના 10 દરવાજા એક ફૂટ જેટલા ખોલવામાં આવ્યા છે. તેમ જ હર્ષદ, ગાંધવી, રાવલ, ગોરાના, રાણ પરડા, ઝરેરા સહિતના ગામના લોકોને દૂર ખસી જવા અપીલ કરવામાં આવી છે.

વડોદરા ડિવિઝનના ગોઠણગામ અને સાયણ વચ્ચેના બ્રિજ નંબર 471ના ગર્ડર સુધી પાણી વધવાના કારણે પાણી ઓછું ન થાય ત્યાં સુધી વિભાગ પર ટ્રેનોની અવરજવર રદ કરવામાં આવી છે.

છોટાઉદેપુરમાં નસવાડી તાલુકાના ધામસિયા ગામથી બેડીકૂવા જવાનો રસ્તો પાણીમાં ગરકાવ થઈ ગયો છે. આ રસ્તો આઠ જેટલા ગામને જોડે છે.

. . . . . . . . . . . . . . . .

## RAIN AAGAHI

હવામાન વિભાગે આવતી કાલે ગીર સોમનાથ, અમરેલી, બોટાદ, આણંદ, ભરૂચ, વડોદરામાં ભારેથી અતિ ભારે વરસાદની અને ભાવનગર, સુરત, નવસારી, વલસાડ જિલ્લા અને કેન્દ્રશાસિત દાદરા અને નગર હવેલીમાં અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જામનગર, જુનાગઢ, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર,અમદાવાદ, ખેડા, અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં છુટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે.

.................

## MAHISAGAR KADANA DAM

મહીસાગર જિલ્લાના કડાણા ડેમમાં હાલમાં પાણીનો માત્ર 24 ટકા જ જથ્થો બચ્યો હોવાથી હાલમાં આ ડેમમાંથી સિંચાઈ માટે પાણી આપવાનું બંધ કરાયું છે. હાલમાં કડાણા ડેમમાંથી 10 જિલ્લાઓને પીવાનું અને સિંચાઈનું પાણી મળી રહ્યું છે.

--------